# હવે પોલીસ ગૃહિણીઓને સ્વરક્ષણની વિશેષ તાલીમ આપશે

## તાલીમ મેળવવા ઈચ્છુક ગૃહિણીએ તા. ૨૫ જુલાઈના રોજ હેડક્વાર્ટર સે-૨૭ ખાતે પોતાનું નામ નોંધાવવાનું રહેશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર પોલીસ દ્વારા સુરક્ષા સેતુ અતંર્ગત શહેરની શાળા કોલેજમાં કિશોરીઓ અને યુવતીઓને પોતાના સ્વબચાવ માટે તાલીમ આપાઈ રહી છે ત્યારે હવે પોલીસે શહેરની ગૃહિણીઓને પણ સ્વબચાવની તાલીમ આપવા નવતર પ્રયાસ હાથ ધર્યા છે જેમાં શહેરની ગૃહિણીઓ પોલીસ હેડક્વાર્ટર ખાતે દરરોજ સાંજે કલાક વિશેષ તાલીમ આપી સજ્જ અને સશકત બનાવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર મહિલા અત્યાચાર અને જાહેરમાં થતી છેડતી જેવા બનાવો રોકવા અને શાળા કોલેજની યુવતીઓ કિશોરીને સશકત બનાવવા જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ અંતર્ગત સ્વબચાવનો કાર્યક્રમ ઘડી શાળા કોલેજની યુવતીઓને તાલીમ આપી રહી છે જયારે હવે પોલીસ યુવતીઓની સાથે શહેરની ગૃહિણીઓને પણ પોતાના સ્વરક્ષણની વિશેષ તાલીમ આપશે.

આ તાલીમમાં જોડાવવા માંગતી શહેરની ગૃહિણીઓ આગામી તા. ૨૫ જુલાઈ ૨૦૧૪ ના રોજ સવાર ૧૦ થી સાંજે ૬ કલાક સુધીમાં સેકટર-૨૭ પોલીસ હેડક્વાર્ટર ખાતે પોતાનું નામ નોંધાવી શકશે. બાદમાં પોલીસ દ્વારા દરરોજ સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન હેડક્વાર્ટર સે-૨૭ ખાતે સ્વરક્ષણની તાલીમ આપવામાં આવશે.

# એન. આઈ. ઓ. એસ. પ્રાથમિક શિક્ષણ આપશે

ગાંધીનગર, તા. ૨૦

રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થા દ્વારા રાજયનો દરેક વ્યકિત શાળાનું શિક્ષણ મેળવી પાસ થાય તેવી યોજના બનાવવામાં આવી છે.

તાજેતરમાં એન. આઈ.ઓ.એસ.ની બેઠક સેંટ ઝેવિયર્સ સ્કુલ ખાતે યોજવામાં આવી હતી. બેઠકમાં સંસ્થાના સુવિધા કેન્દ્રો, અધ્યયન કેન્દ્રો, વ્યવસાયલક્ષી કેન્દ્રો અને ઓડિટર્સ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુજરાતમાં એન.આઈ.ઓ.એસ.થી દરેક વ્યકિત વાકેફ થાય તેવી યોજના પણ ઘડવામાં આવી હતી તેમજ ગુજરાતના વિદ્યાર્થીઓ જેમાં ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ કે જેઓ નિયમિત રીતે શાળાનું શિક્ષણ મેળવી શકતા નથી તેમજ શાળાનું પ્રાથમિક શિક્ષણ અધુરું રહ્યું છે તેવા વિદ્યાર્થીઓ માટે વિશેષ યોજના બનાવવામાં આવી છે.જેથી દરેક વ્યકિત શાળાનું શિક્ષણ મેળવી શકશે તેમ ક્ષેત્રિય નિયામકે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## જી.જે. પટેલ આયુર્વેદ કોલેજને નવા પી.જી. કોર્ષ શરુ કરવા તથા અને યુ.જી. ૫૦માંથી ૧૦૦ બેઠકો માટેની આયુષ વિભાગ દ્વારા મંજૂરી

વિદ્યાનગર, તા. ૨૦

ન્યુ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યામંડળ સંચાલિત જી.જે. પટેલ આયુર્વેદ કોલેજને ભારત સરકારના આયુષ વિભાગ દ્વારા આયુર્વેદાચાર્ય (બી.એ.એમ.એસ.) અભ્યાસક્રમ માટે ૫૦ બેઠકો માટે મંજૂરી મળેલ છે. તા. ૧૯-૭-૨૦૧૪થી શરુ થયેલ પ્રવેશ પ્રક્રિયામાં ૫૦ બેઠકો ઉપર પ્રવેશ કાર્યવાહી કેન્દ્રીય પ્રવેશ સમિતિ અમદાવાદ દ્વારા થાય છે. સંસ્થાને આ વર્ષથી જ ૫૦માંથી ૧૦૦ બેઠકો માટે લેટર ઓફ પરમીશન માટે સી.સી.આઈ.એમ.દ્વારા તપાસ કમિટી આવનાર છે. આ ઉપરાંત આયુષ વિભાગ દ્વારા કાયાચિકિત્સા, પંચકર્મ, દ્રવ્યગુણ, રોગનિદાન, સંહિતા સિધ્ધાંત, સ્વસ્થવૃત, રસશાસ્ત્ર વિષયમાં અનુસ્નાતક અભ્યાસક્રમ માટે એમ.ડી. આયુર્વેદ માટે કુલ ૩૮ બેઠકોની પણ લેટર ઓફ પરમીશન માટેની તપાસ કમિટી ટુંક સમયમાં આવનાર છે. આ કમિટીના અહેવાલ બાદ કોલેજને ૧૦૦ બેઠકો માટે તેમજ પી.જી. માટે મંજુરી મળનાર છે. આ તમામ પ્રવેશ પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવશે. ચારૂતર વિદ્યામંડળે પોતાની પરિપાટી મુજબ મેનેજમેન્ટ અને એન.આર.આઈ. કવોટા પણ સરકારશ્રી દ્વારા ભરવા માટે મંજુરી આપેલ છે.

ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ સાહેબે આ સમાચાર જાણી ખુબ જ આનંદની લાગણી અનુભવી હતી અને સંસ્થાના ડીન અને સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. એ.આર.વી. મૂર્તિ સાહેબને તથા તેના સમગ્ર કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. એડમીશન પ્રક્રિયાની વધુ માહિતી માટે સંસ્થાની ઓફિસનો રૂબરૂમાં સંપર્ક કરવા પણ જણાવાયું છે.

# આજે વડોદરામાં હિન્દુ-મુસ્લિમ એકતાના દર્શન થશે : ઈફતાર પાર્ટી યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

મુસ્લિમોનો પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે ત્યારે દેશમાં કોમી એકતા વધુ મજબુત બને તે માટે મુસ્લિમોની સાથે અન્ય દેશબંધુઓની સાથે મુસ્લિમ રાષ્ટ્રીય મંચ દ્વારા ઈફતાર પાર્ટી યોજાશે.

દેશમાં હિન્દુ અને મુસ્લિમ સમુદાયને ઝઘડાવવામાં આવે છે ત્યારે મુસ્લિમ રાષ્ટ્રીય મંચ દ્વારા કોમી એકતાનું ઉદાહરણ પુરું પાડવામાં આવશે. આજે સાંજે ૬-૦૦ વાગે પુરુષોત્તમ ભવન, નાગેશ્વર મહાદેવ મંદિર પાસે, વડોદરામાં ઈફતાર પાર્ટી યોજવામાં આવશે.

મુસ્લિમ રાષ્ટ્રીય મંચ દ્વારા યોજાનાર ઈફતાર પાર્ટીમાં મુસ્લિમ સમાજ ઉપરાંત હિન્દુ સમાજના અગ્રણીઓ ગૌરક્ષા સમિતિના આગેવાનો ઉપસ્થિત રહેશે. જેમાં મુસ્લિમ રાષ્ટ્રીય મંચના માર્ગદર્શક ઈન્દ્રેશકુમારજી તેમજ મુખ્ય અતિથિ તરીકે જનાબ સૈયદ આલા વકાર હઝરત, સૈયદ કમાલુદ્દીન રીફાઈ વડોદરા, શ્રી નિત્યાનંદજી મહારાજ ઈસ્કોન મંદિર વડોદરા, મુસ્લિમ રાષ્ટ્રીય મંચના રાષ્ટ્ર સંયોજક જનાબ મોહમંદ અફઝાલ, હિન્દુ સમાજ અગ્રણી સોમાભાઈ મોદી, જનાબ સૈયદ જમાલુદ્દીન કારંઠાવાલે અને જયંતિભાઈ બારોટ ચેરમેન, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ ગાંધીનગર ઉપસ્થિત રહેશે.

વડોદરામાં યોજાઈ રહેલ ઈફતાર પાર્ટી હિન્દુ-મુસ્લિમ સમાજમાં એકતાના દર્શન કરાવશે. દેશમાં અમુક તત્વો દ્વારા હિન્દુ મુસ્લિમ સમાજમાં તિરાડો પાડવાનું કાર્ય થઈ રહ્યું છે ત્યારે આ કાર્યક્રમ દ્વારા હિન્દુ મુસ્લિમ સમાજ વધુ નજીક આવશે. કાર્યક્રમનું આયોજન મુસ્લિમ રાષ્ટ્રીય મંચના સંયોજક ગનીભાઈ કુરેશી દ્વારા કરવામાં આવ્યું છે.

# ઈન્ફોસિટી ક્લબ રિસોર્ટમાં જન્માષ્ટમી મટકી ફોડ સ્પર્ધા : વિજેતાને રૂ. ૧૧,૧૧૧ ઈનામ

ગાંધીનગર, તા. ૨૦

ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ દિવસ એટલે જન્માષ્ટમી. આ પવિત્ર તહેવારને લઈને ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે જન્માષ્ટમી મટકી ફોડ સ્પર્ધા યોજવામાં આવશે. જેમાં જિલ્લાના યુવા મંડળો અને શહેરના મંડળો ભાગ લઈ શકશે.

શ્રીકૃષ્ણ ભગવાનને માખણ ખુબજ ભાવતુ હોવાથી ભગવાનના જન્મ દિવસે દેશમાં ધામધૂમપૂર્વક મટકી ફોડ કાર્યક્રમ યોજવામાં આવે છે. મટકીમાં માખણ તેમજ અલગ-અલગ ફ્રુટ ભરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર ઈન્ફોસિટી રિસોર્ટ્સમાં તા.૧૭ ઓગષ્ટ, સાંજે ૬.૩૦ કલાકે યોજવામાં આવનાર છે.

જન્માષ્ટમી મટકી ફોડ સ્પર્ધામાં ગાંધીનગર શહેરના તેમજ આસપાસના ગામના યુવા મંડળો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં જે સ્પર્ધકોને ભાગ લેવાની ઈચ્છા હોય તેમનું સ્પર્ધાના બે કલાક પહેલા સ્થળ પર રજીસ્ટ્રેશન કરવામાં આવશે. ત્યારે વિજેતા ટીમને ૧૧,૧૧૧ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવશે.



સેક્ટર-૩-સી પાસે આવેલ એક ઝાડ નીચે ઘણા બધા થાંભલા બીનવારસી હાલતમાં પડ્યા છે. કંઈ કંપનીએ કયા કારણોસર અહીં મુકયા છે અને તેનો ઉપયોગ ક્યારે થશે તેની ખબર નથી પણ ગંદકી વચ્ચે પડી રહેલ આ સંપત્તિ કેટલા અંશે સારી રહેશે તે કહેવું મુશ્કેલ છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## ઝવેરચંદ મેઘાણીના સુપુત્ર નાનકભાઈનું અવસાન આજે પ્રાર્થના સભા

અમદાવાદ, તા. ૨૦

ગુજરાતના ખ્યાતનામ કવિ અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના સુપુત્ર અને પિનાકી મેઘાણીના પિતાશ્રી નાનકભાઈ ઝવેરચંદ મેઘાણીનું આજે સવારે ૮૨ વર્ષની જૈફ વયે નિધન થયુંછે. સદ્ગતની સ્મૃતિમાં પ્રાર્થનાસભા તા. ૨૧ જુલાઈ સોમવાર, બપોરે ૪.૦૦ વાગે, જૈન વિસા ઓસ્વાલ કલબ, શ્રેયસ ફાઉન્ડેશન પાસે, માણેકબાગ અમદાવાદ ખાતે રાખવામાં આવ્યું છે.

## રોહિત સમાજના પરિવાર જોગ

ગાંધીનગર, તા. ૨૦

ઓમ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા રોહિત સમાજના પરિવારો માટે જીવનસાથી પસંદગી પરિચય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે શહેરમાં વસતા રોહિત સમાજના પરિવારોની સંપૂર્ણ માહિતી તેમજ લગનોત્સુક યુવક યુવતીઓનો બાયોડેટા સંસ્થાના પ્રમુખ જગદીશ પ્રિયદર્શી બ્લોક નં. ૭૬/૫, જ ટાઈપ-સેકટર-૬ ગાંધીનગર ખાતે મોકલી આપવા તેમજ તા. ૧૦ ઓગસ્ટ સુધી ઉપરના સ્થળેથી ફોર્મ મેળવી પરત કરવા પણ જણાવવામાં આવ્યું છે.

## રાજ્યમાં ટેટ-૨ની પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન

અમદાવાદ, તા. ૨૦

શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની નિમણૂંક માટે ટેટ-૨ની પરીક્ષાનું આજે આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં અમદાવાદ સેન્ટર પરથી અંદાજિત ૮૦૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરીક્ષા સંપૂર્ણરીતે શાંતિમય સંપન્ન થતાં શિક્ષણ વિભાગ દ્વારા હાસકારો અનુભવાયો હતો. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક અને શિક્ષણ સહાયકની ભરતી માટે જરૂરી એવી ટિચર્સ એલિજિબિલીટી ટેસ્ટનું આજે આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ સેન્ટર પર શહેરની ૨૦ કરતા શાળાઓમાં ૮૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી.

# ગાંધીનગરપાલિકા દ્વારા ઘેર ઘેરથી કચરો એકત્ર કરાતાં ગૃહિણીઓમાં આનંદ છવાયો

## દરેક સેક્ટરમાં કચરો એકત્ર કરતી વાન સમયસર અને નિયમિત આવતી થઈ ગઈ





(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાએ તાજેતરમાં ઘેર ઘેરથી કચરો લઈ જવાનું શરૂ કરાતા ગૃહીણીઓમાં આનંદ છવાઈ ગયો છે. પાલિકાના આ નવતર પગલાંને સૌ નગરજનોએ આવકારી સંતોષ વ્યક્ત કર્યો છે. પાલિકામાં નિયુક્ત થયેલા મ્યુનિસિપલ કમિશનર દ્વારા શહેરીજનોની સુવિધા અને સગવડો માટે તમામ પ્રકારના આયોજનની તૈયારી રખાઈ હોવાની માહિતી સાંપડી છે ત્યારે પ્રથમ શરૂઆત જ તેમની કામગીરીનો તકાજો પૂરો પાડી રહી છે.

રાજ્ય સરકાર હસ્તક રહેલા પાટનગરમાં ચૂંટણી બાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યું છે. કોર્પોરેશનના અસ્તિત્વ બાદ શહેરીજનો પ્રાથમિક જરૂરિયાતો બાબતે સતત ચિંતિત રહ્યા કરતા હતા. જેમાં કચરાના નિકાલ બાબતની સમસ્યા મોખરે રહી હતી. જેમાં મ્યુનિ. કમિશનર પદે ચૌધરીની નિમણુંક થયા બાદ તાજેતરમાં ઘેર ઘેરથી કચરો એકઠો કરવાની શરૂઆત થઈ છે. દરેક સેક્ટરમાં કચરો એકઠો કરતી વાન હાલ ઘેર ઘેર ફરી કચરો ઉપાડી રહી છે.

આ વાન એકદમ સમયસર, નિયમિત અને સાઈરન વગાડતી આવતા જ ગૃહીણીઓ ઘરમાંથી દોડી આવી હોંશે હોંશે કચરો આપી રહી છે. પાલિકાના આ પગલાંને ગૃહીણીઓ ખુબ જ આનંદિત થઈ આવકારી રહી છે જે કારણે પાટનગરમાં કચરાનું પ્રમાણ નહીવત થઈ જશે અને સ્વચ્છતા જળવાશે તેવું ગૃહીણીઓ કહી રહી છે. પાલિકા દ્વારા એક પછી એક શહેરને સુંદર અને રળીયામણું રાખવાના પગલાં કડકપણે લેવાના હોવાનું જાણવા મળ્યું છે ત્યારે આગામી સમયમાં શહેરની આગવી ઓળખ ઉભી થશે તેવું નિશ્ચિત મનાઈ રહ્યું છે.

સ્વચ્છતા, સગવડતા અને સુંદરતાને પ્રાધાન્ય આપી પાલિકા શહેરીજનોની પ્રાથમિક જરૂરિયાતો પ્રત્યે સજાગ બની છે. તેથી શહેરીજનોમાં આનંદ અને સંતોષની લાગણી જન્મી છે.

# ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદ દ્વારા વોટર શોનું થયેલું આયોજન

## ગાંધીનગર અક્ષરધામ ખાતે વોટર શોમાં નચિકેતા દ્વારા મૃત્યુને પડકાર તથા પૂ. શ્રી પ્રમુખ સ્વામી જેવા ગુરુ દ્વારા આત્મા-પરમાત્માનું મિલન શકય છે તેવો સંદેશ આપતો અદભૂત શો નિહાળી સૌ આનંદ વિભોર થયા હતા

ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદ દ્વારા ગાંધીનગર અક્ષરધામ ખાતે આવેલ 'વોટર શો' નિહાળવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ દૈનિક, સાપ્તાહિક, પાક્ષિકના તંત્રીઓ પરિવાર સહિત શો નિહાળવા ઉપસ્થિત રહ્યાં હતાં. વોટર શોના આયોજન પૂર્વે ગાંધીનગર સકરીટ હાઉસ ખાતે ગાંધીનગર જિલ્લાના તંત્રીશ્રીઓનું પરિવાર સાથે સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર શહેર તેમજ જિલ્લાના અખબારોના તંત્રીશ્રીઓ અને પરિવારે એક-મેકને મળીને પરિચય કેળવ્યો હતો. આ ઉપરાંત અખબાર ક્ષેત્રે કાર્યરત પત્રકારો અથવા તેમના પરિવારમાંથી સ્વર્ગસ્થ થયેલા મહાનુભાવો સર્વે અવતરણ દૈનિકના તંત્રી શ્રી ગૌરાંગભાઈ પંડ્યાના પિતા શ્રી સ્વ. દિપકભાઈ બી. પંડ્યા (સહતંત્રી - અવતરણ), સ્વ. પંકજકુમાર બ્રહ્મભટ્ટ (તંત્રી - કલોલ નેટવર્ક), સ્વ. નવીનભાઈ જોશી (તંત્રી - વૉઈસ ઓફ કલોલ), લોકમાધ્યમના તંત્રી શ્રી દશરથભાઈ લિંબાચીયા તેમજ શ્રી રાજેન્દ્રકુમાર લિંબાચીયાના પિતા સ્વ. ગોવિંદભાઈ લીંબાચીયા, ઈગલ એડવર્ટાઈઝર્સના તંત્રી શ્રી જૈનુલભાઈ પટેલના માતૃશ્રી સ્વ. રાબિયાબેન એચ. પટેલ, ગુજરાતનો સાદના તંત્રી શ્રી જીતેન્દ્રભાઈ સેજાણીના માતૃશ્રી સ્વ. ભગવતીબેન રસીકલાલ સેજાણીના અવસાન નિમિત્તે દિગંત આત્માઓને શાંતિ મળે તે માટે મૌન રાખી તેમને શ્રદ્ધાજંલિ અર્પણ કરાઈ હતી.



ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદના પ્રમુખ શ્રી ભરતભાઈ દ્વારા સૌને આવકાર આપેલ. પ્રમુખશ્રીએ જુદા જુદા રાજ્યોમાંથી પ્રસિદ્ધ થતાં અખબારોના સરકાર માન્ય પત્રકારોને ટોલબુથ પર મુક્તિ, મકાન, પેન્શન, પગાર, સહાય વગેરે મળી રહ્યું છે તે અંગે અભ્યાસ કરનાર કમિટિનું નિર્માણ કરવા ઠરાવ કરવામાં આવ્યો. આ કમિટિના આધારે ગુજરાતના પત્રકારો માટે પણ આનુસાંગિક વિભાગોમાં રજૂઆતો કરવાનું નક્કી કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમું સુંદર આયોજન તેમજ સંચાલન સંસ્થાના મહામંત્રી શ્રી લક્ષ્મણભાઈ પટેલે કર્યુ હતું. જેમાં શ્રી પાર્થ ઠક્કર, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, શ્રી ગૌરાંગ પંડ્યાનો સુંદર સહયોગ સાંપડ્યો હતો.

ગાંધીનગર અક્ષરધામ ખાતે વોટર શોમાં નચિકેતા દ્વારા મૃત્યુને પડકાર તથા પૂ.શ્રી પ્રમુખ સ્વામી જેવા ગુરુ દ્વારા આત્મા - પરમાત્માનું મિલન શક્ય છે તેવો સંદેશ આપતો અદ્ભૂત શો નિહાળી સૌ આનંદ વિભોર થયા હતા. સૌએ સાથે ભોજન પ્રસાદીનો લાભ લીધો હતો.

કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ પટેલ, કોષાધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઈ સેજાણી, શ્રી ધર્મિષ્ઠાબેન શર્મા,

શ્રી ગોરધનભાઈ પટેલ, શ્રી ઉષાંગભાઈ પારેખ, શ્રી જૈનુલભાઈ પટેલ,શ્રી દશરથભાઈ લિંબાચીયા, શ્રી રાજેન્દ્રભાઈ લિંબાચીયા, શ્રી રજનીકાંત મિસ્ત્રી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી રાજુભાઈ જોશી, શ્રી વિશાલભાઈ પંચાલ, શ્રી પંકજભાઈ આહિર, શ્રીમતી પ્રતિક્ષાબેન નિમાવત, શ્રી કનુભાઈ ભાવસાર, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી શૈલેષ જાદવ સહિત અનેક પત્રકારો પરિવાર સહિત ઉપસ્થિત રહેલ.

ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદે ગાંધીનગરના દરેક પત્રકારો આ કાર્યક્રમને માણી શકે અને એક-મેકના પરિવારને મળી શકે તેવા ઉમદા આશયથી ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ કલબના મહામંત્રી શ્રી પાર્થ ઠક્કરના સક્રિય યોગદાન થકી આ કલબ સભ્યોને પણ સહપરિવાર આમંત્રણ પાઠવેલ. જેનો આ સંસ્થાએ સહર્ષ સ્વીકાર કરતાં ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ કલબના શ્રી અનિરુદ્ધસિંહ ઝાલા, શ્રી જતીનભાઈ શુક્લ, શ્રી મુકેશ પંડ્યા, શ્રી મિલનભાઈ વ્યાસ, શ્રીમતી મીનાબેન પરીખ,

શ્રી વિકાસભાઈ, શ્રી નિલેષ પુજારા સહિત અન્ય પત્રકારો સહપરિવાર ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમમાં માહિતી ખાતાના સંયુક્ત માહિતી નિયામક શ્રી અરવિંદભાઈ પટેલ અને શ્રી પુલકભાઈ ત્રિવેદી જેઓ ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પણ છે અને જિલ્લા માહિતી કચેરીમાંથી શ્રી પરીમલ પટેલનો પણ સહયોગ અને માર્ગદર્શન સાંપડેલ.

અક્ષરધામના સ્વયંસેવકો શ્રી જાગૃતભાઈ પટેલ તેમજ શ્રી નિતીનભાઈ છનીયારાનું માર્ગદર્શન અને સહકાર પૂરો પાડેલ.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૨૪

## તાપમાન

મહત્તમ : ૩૪.૩ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૬૨ ટકા
વરસાદ : ૪. મી.મી

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫, ૩.૩૦
હેટ સ્ટોરી ૨ : ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
પિઝા (૩ડી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
અમીત સાહની કી લીસ્ટ : ૧૨.૩૦, ૨.૪૫
રિયાસત : ૫.૦૦
લાઈ ભારી (મરાઠી) : ૭.૦૦, ૧૦.૦૦
એક વિલન : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
એક વિલન : ૬.૪૫
અમીત સાહની કી લીસ્ટ : ૧૦.૦૦
હેટ સ્ટોરી-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) : ૧૦.૦૦, ૪.૪૫, ૭.૪૦, ૧૦.૩૫
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૧.૨૫
: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૮.૩૦ (સવારે) , ૮.૩૦ (સાંજે)
એક વિલન : ૧૧.૩૦, ૫.૪૫
સાથીયો ચલો ખોડલધામ (ગુજ.) ૨.૨૫
: સ્ક્રીન-૩ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હેટ સ્ટોરી-૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
અમીત સાહની કી લીસ્ટ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ધાર્મિક કાર્યક્રમ

- અષાઢ વદ દશમ , તા. ૨૧-૭-૨૦૧૪, સોમવારના રોજ મોતીના હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર

## આપની આજ

**મેષ** : જે તમારી હિતચિંતક બની રહેશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

**વૃષભ** : આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટુલ કાર્યનો ઉકેલ આવી શકે.

**મિથુન** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે.

**કન્યા** : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. દુસ્સાહસ ન કરવું. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે.

**વૃશ્ચિક** : સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.

**ધન** : આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છએ. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થામાં વધારો થશે.

**મીન** : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. જમીન, મકાન સંબંધી કાર્યોમાં પ્રગતિ.

## ચિરવિદાય

- સ્વ. જડીબેન માનસંગજી ઠાકોર (ઉ.વ.૫૨) મુ. પો. મોટી શિહોલી, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર મધુબેન વિક્રમજી (ઉ.વ.૩૫) મુ. પો. મોટી શિહોલી, તા. જી. ગાંધીનગર
- સ્વ.પ્રોફેસર ડૉ. રતિલાલ નારણદાસ પટેલ (ઉ.વ. ૮૦) પ્લોટ નં. ૨૯/૨, સેક્ટર-૩ ન્યુ, ગાંધીનગર
- સ્વ. રણછોડભાઈ મણીલાલ (ઉ.વ.૬૮) મુ.તારાપુર, તા.જી. ગાંધીનગર